# ધોરણ: ૯
# વિષય: વિજ્ઞાન અને ટેકનોલોજી
# નમૂનાનું પ્રશ્નપત્ર (S. A -2માટે)

સમય : 2 કલાક
કુલગુણ : 60

## PART A

**દરેક પ્રશ્નની નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી જવાબ આપો (દરેકના 1 ગુણ) [30]**

**1.** સ્પ્રિંગકાટાને દબાવતાં તેની સ્થિતિઊર્જા .................
**A.** અચળ રહે. **B.** ઘટે. **C.** વધે. **D.** વિશે કઈ ન કહી શકાય.

**2.** 1 kwh = ............ J
**A.** $36 \times 10^6$ **B.** $3.6 \times 10^6$ **C.** $3.6 \times 10^7$ **D.** $3.6 \times 10^5$

**3.** પાવર એ ................. છે.
**A.** ઊર્જાના ફેરફારનો દર **B.** વેગમાનના ફેરફારનો દર
**C.** બળના ફેરફારનો દર **D.** બળ છે જેના દ્વારા પદાર્થ ગતિ કરે છે.

**4.** ધરતીકંપના તરંગો કેવા પ્રકારના હોય છે ?
**A.** ઈન્ફ્રાસોનિક **B.** અલ્ટ્રાસોનિક **C.** સુપરસોનિક **D.** ઈન્ટ્રાસોનિક

**5.** ધ્વનિની પ્રબળતાનો એકમનો એકમ ............... છે.
**A.** ડેસિબલ **B.** સાઉન્ડ **C.** સંઘનન **D.** વિઘનન

**6.** નીચે પૈકી કઈ આવૃત્તિવાળો ધ્વનિ પરાશ્રાવ્ય ધ્વનિ છે ?
**A.** 30 Hz **B.** 300 Hz **C.** 3000 Hz **D.** 30,000 Hz

**7.** અત્યાર સુધી વિશ્વમાં કેટલાં તત્વો શોધાયા છે ?
**A.** 141 **B.** 124 **C.** 114 **D.** 111

**8.** આધુનિક આર્વત કોષ્ટકની રચના કયા વૈજ્ઞાનિકની શોધને આભારી છે ?
**A.** સર રામસે **B.** મોસલે **C.** લોર્ડ રેલે **D.** મેન્ડેલિફ

**9.** આયનિકરણ એન્થાલ્પી કેવા પ્રકારની પ્રક્રિયા છે ?
**A.** ઉષ્માશોષક **B.** ઉષ્માક્ષેપક **C.** રિડકશન **D.** આ પૈકી એક પણ નહી.

**10.** નીચેના પૈકી કયું તત્વ નિષ્ક્રિય સમુહનું છે ?
**A.** Na **B.** Cl **C.** Mg **D.** Kr

**11.** ................ ને લીધે સુતરાઉ કાપડ કરતાં ટેરેલીન કાપડ ઝડપથી સુકાય છે.
**A.** આયનિક બંધ **B.** હાઈડ્રોજન બંધ **C.** સહસંયોજક બંધ **D.** ધ્રુવીય સહસંયોજક બંધ

**12.** NaCl કયા દ્રાવકમાં દ્રાવ્ય છે ?
**A.** ઈથર **B.** કાર્બન ટેટ્રાકલોરાઈડ **C.** બેન્ઝિન **D.** પાણી

**13.** ઓકિસડેશન પ્રક્રિયા માટે નીચેનામાંથી કયું વિધાન સાચું છે ?
**A.** ઓકિસજન અને હાઈડ્રોજન દૂર થાય. **B.** હાઈડ્રોજન ઉમેરાય કે ઓકિસજન દૂર થાય.
**C.** ઓકિસજન અને હાઈડ્રોજન ઉમેરાય. **D.** ઓકિસજન ઉમેરાય કે હાઈડ્રોજન દૂર થાય.

**14.** એમોનિયાના અણુનું રાસાયણિક સૂત્ર ............ છે.
**A.** $NH_4$ **B.** $NH_3$ **C.** $NH_2$ **D.** $N_3H$

**15.** આપણા ખોરાકના કયા પોષક ઘટકનું વિઘટન થઈ એમિનો એસિડ બને છે ?
**A.** કાર્બોહાઈડ્રેડ **B.** સ્ટાર્ચ **C.** પ્રોટીન **D.** ચરબી

**16.** કળી ચૂનાનું રાસાયણિક નામ શું છે ?
**A.** કેલ્શિયમ ઓકસાઈડ **B.** કેલ્શિયમ કાર્બોનેટ **C.** કેલ્શિયમ હાઈડ્રોકસાઈડ **D.** કાર્બન ડાયોકસાઈડ

**17.** $Fe + S \rightarrow FeS$ આ પ્રક્રિયામાં રિડકશનકર્તા કોણ છે ?
**A.** Fe **B.** S **C.** FeS **D.** Fe અને S બન્ને

**18.** કયો સમુહ ફળથી આવરિત બીજ ધરાવે છે ?
**A.** દ્વિઅંગી **B.** ત્રિઅંગી **C.** અનાવૃત બીજધારી **D.** આવૃત બીજધારી

**19.** દ્વિનામી નામકરણ કોના દ્વારા આપવામાં આવ્યું ?
**A.** વ્હિટેકર **B.** રોબર્ટ હૂક **C.** કેરોલસ લિનિયસ **D.** સ્લેઈડન અને સ્વાન
**20.** લાઈકેન કોની કોની વચ્ચે સહજીવી સંબધ ધરાવે છે ?
**A.** લીલ અને ફૂગ **B.** ફૂગ અને દ્વિઅંગી **C.** લીલ અને દ્વિઅંગી **D.** ફૂગ અને બેકટેરિયા
**21.** બિલાડીના ટોપને ........... કહે છે.
**A.** યીસ્ટ **B.** મ્યુકર **C.** મશરૂમ **D.** પેનિસિલિયમ
**22.** ડંખકોષો ધરાવતો પ્રાણીસમુદાય કયો છે ?
**A.** છિદ્રકાય **B.** કોષ્ઠાત્રિ **C.** સૂત્રકૃમિ **D.** સંધિપાદ
**23.** શાર્કમાં હ્રદય કેટલા ખંડોવાળું હોય છે ?
**A.** એક **B.** બે **C.** ત્રણ **D.** ચાર
**24.** પક્ષીઓમાં કયા અંગનો અભાવ હોય છે ?
**A.** ફેફસાં **B.** મૂત્રપિંડ **C.** મૂત્રાશય **D.** હ્રદય
**25.** સૂર્ય કિરણો .............
**A.** જળાશયો કરતાં જમીનને વધુ ઝડપથી ગરમ કરે છે.
**B.** જળાશયો કરતાં જમીનને ધીમી ઝડપથી ગરમ કરે છે.
**C.** જળાશયો અને જમીન બંનેને વધુ સરખા પ્રમાણમાં ગરમ કરે છે.
**D.** જળાશયો અથવા જમીન બંનેમોં કોઈને પણ ગરમ કરતાં નથી.
**26.** અનૈચ્છિક વનસ્પતિને શું કહેવાય છે ?
**A.** ક્ષુપ **B.** નીંદણ **C.** ઘાસ **D.** વૃક્ષ
**27.** જમીનમાંથી વનસ્પતિઓને કેટલાં તત્વો મળે છે ?
**A.** 12 **B.** 13 **C.** 14 **D.** 15
**28.** ઈતરડી અને બગાઈઓ શેનાં ઉદાહરણ છે ?
**A.** બાહ્ય પરોપજીવી **B.** અંત પરોપજીવી **C.** સહજીવન **D.** પરજીવી
**29.** કઈ જાતની ભેંસ તેના દુગ્ધકાળ દરમિયાન સરેરાશ 1200 થી 2500 લિટર દૂધ આપે છે ?
**A.** મુરાહ **B.** મહેસાણી **C.** સુરતી **D.** ભાવનગરી
**30.** મિશ્ર પાકઉછેર પદ્ધતિમાં મગની સાથે કયો પાક ઉછેરવામાં આવે છે ?
**A.** કપાસ **B.** બાજરી **C.** સૂર્યમુખી **D.** મકાઈ

# PART B

## Section A

**નીચેના પ્રશ્નોના ટુંકમાં જવાબ આપો (દરેકના 2 ગુણ)** **[10]**

**1.** તફાવત આપો : કાર્ય અને ઊર્જા
**2.** પડઘા વિશે જરૂરી સમજ આપો.
**3.** રાસાયણિક બંધ એટલે શું ? તેના પ્રકાર જણાવો.
અથવા
**3.** કારણ આપો : ઘન આયનીય સંયોજનો વિદ્યુત અવાહક છે.
**4.** વિસ્થાપન પ્રક્રિયા કોને કહે છે ? ઉદાહરણ આપો.
**5.** સમજાવો : સજીવોનું વર્ગીકરણના ફાયદા વર્ણવો.
અથવા
**5.** એકદળી વર્ગની વનસ્પતિના ચાર લક્ષણો જણાવો.

## Section B

**નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો (દરેકના 3 ગૂણ)** **[12]**

6. પદાર્થની ગતિ ઊર્જાનું સમીકરણ $K = \frac{1}{2} mv^2$ મેળવો.

અથવા

6. પદાર્થની સ્થિતિ ઊર્જાનું સમીકરણ $U = mgh$ મેળવો.
7. તરંગલંબાઈ એટલે શું ? ટૂંકમાં સમજાવો.
8. મેડેલિફના આર્વત કોષ્ટકની અગત્યની બાબતો જણાવો.
9. સસ્તન વર્ગનાં ચાર લક્ષણો જણાવી બે ઉદાહરણ આપો.

## Section C

**નીચેના પ્રશ્નોના મુદ્દાસર જવાબ આપો (દરેકના 4 ગૂણ)** **[08]**

10. આયનિક બંધ કોને કહે છે ? સોડિયમ કલોરાઈડ ( $NaCl$ ) ના ઉદાહરણથી સમજાવો.

અથવા

10. આયનીય સયોજનોના ગુણધર્મો લખો.
11. નાઈટ્રોજનચક આકૃતિ દોરી સમજાવો.

---



**BABU PATEL**

**VIVEKANAND VIDYALAYA,**
**At-Post : JADIYA**
**Ta : DHANERA**
**Dist : BANASKANTHA**

**Email : baboogudol @ gmail.com**